Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર (જિલ્લો)
ગુજરાત રાજ્ય
Jamnagar District

નં.ડીએમ/ડીસીએચ/લે.કો./૪૫૮૦૯/૨૦૨૩
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર
તા. ૦૨/૦૫/૨૦૨૩

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું

પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત અનુસાર જામનગર જિલ્લામાં આવેલ ઔધોગીક એકમો, હાઈવે ઓથોરીટી દ્વારા તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડના કામોમાં તથા અન્ય બાંધકામના કામો માટે બહારથી કે અન્ય રાજયો માંથી મજુરો મજુર ઠેકેદાર, સપ્લાયર્સ તથા કોન્ટ્રાકટર દ્વારા લાવવામાં આવે છે. જિલ્લામાં મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓની તપાસ કરતા મોટા ભાગના કિસ્સાઓમાં ગુજરાત બહારથી આવેલ મજુરો પ્રાથમિક ધોરણે રોડ પર ખાડા ખોડવાના તેમજ ઔધોગીક એકમોમાં મજુરી કામ મેળવી કામ કરી સ્થાનિક પરિસ્થિતિથી વાકેફ થઈ મોટી ધરફોડ ચોરી, લુટ તથા અન્ય મિલ્કત વિરૂધ્ધના ગુન્હા આચરી પરત પોતાના વતનમાં જતા રહે છે અને આવા ગુન્હાઓ વણશોધાયેલા રહે છે. જેથી આવા ઔધોગીક એકમો તથા અન્ય જગ્યાઓએ પરપ્રાંતના (ગુજરાત રાજ્ય બહારના) મજુરો કામે રાખનાર મજુર ઠેકેદારો, સપ્લાયર્સ, કોન્ટ્રાકટર જયારે આવા મજુરોને કામે રાખે ત્યાર તેની માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં પુરી પાડે તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

જેથી હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જામનગર જિલ્લામાં કોઈ પણ મજુર ઠેકેદારો, સપ્લાયર્સ તથા કોન્ટ્રાકટરો જયારે પરપ્રાંતના તથા બીજા જિલ્લાના હોય તેવા મજુરોને કામ માટે રાખે/રખાવે ત્યારે નીચે જણાવેલ નમુના મુજબના ફોર્મમાં જરૂરી વિગતો અને આધારો સબંધિત પોલીસ સ્ટેશનને રૂબરૂમાં અગર તો ટપાલથી મોકલી આપવાના રહેશે.

**મજુર ઠેકેદારો, સપ્લાયર્સ તથા કોન્ટ્રાકટરો દ્વારા સંબંધીત પોલીસ સ્ટેશનમાં માહિતી આપવાનું ફોર્મ**

| | | |
|---|---|---|
| ૧ | લેબર કોન્ટ્રાકટર/ મુકાદમ (સપ્લાયર) નું પુરૂ નામ, સરનામું મોબાઈલ નંબર સહિત | |
| ૨ | મજુરનું નામ તથા ઉમર વર્ષ | |
| ૩ | મજુરનું હાલનું સરનામું તથા મોબાઈલ નંબર | |
| ૪ | મજુરનું મુળ વતનનું સરનામું ગામ, તાલુકો, જીલ્લો | |
| ૫ | હાલની મજુરીનું સ્થળ/ કંપનીનું નામ | |
| ૬ | મજુરના વતનનાં સ્થાનિક પો.સ્ટે.નું નામ તથા જિલ્લો અને ટેલીફોન નંબર | |
| ૭ | મજુરના વતનના આગેવાનનું નામ, સરનામું, સંપર્ક નંબર | |
| ૮ | મજુર અગાઉ કોઈ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત | |
| ૯ | કયારથી મુકાદમે/ કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે. | |

| | | |
|---|---|---|
| ૧૦ | મજુર ઓળખ માટેનું આઈ.ડી. પ્રુફ (ફોટા સાથે નું) | |
| ૧૧ | જામનગર જિલ્લામાં કઈ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઈ તારીખે જવાનો છે ? | |
| ૧૨ | જામનગર જિલ્લામાં નજીકના સંબંધી હોય તો તેનું નામ, સરનામું અને સંપર્ક નંબર | |
| ૧૩ | મજુરના ભાઈ/બહેનના નામ/સરનામા/ મોબાઈલ નંબર | |
| ૧૪ | મજુરના કાકા/માસા ના નામ/સરનામા/મોબાઈલ નંબર | |
| ૧૫ | હાલમાં જયા રહે છે ત્યાં તેના ગામના કોણ છે ? તેના નામ, સરનામાં, મોબાઈલ નંબર | |

| |
|---|
| મજુરનો<br>તાજેતરનો<br>ફોટો |

મજુરના અંગુઠાનું નિશાન ......................................

મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટર/ ઠેકેદારની સહી.................

નામ........................................................

આ જાહેરનામું સમગ્ર જામનગર જિલ્લાના વિસ્તારમાં લાગુ પડશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતિય દંડ સંહિતા-૧૮૬૦ (૪૫ માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ અધિનિયમ)ની કલમ -૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરાવીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આ જાહેરનામું તા. ૦૨/૦૫/૨૦૨૩ થી તા.૩૦/૦૬/૨૦૨૩ સુધી (બને દિવસો સહીત) માટે અમલમાં રહેશે.

આજ તા.૦૨ -મે-૨૦૨૩ ના રોજ મારી સહી કરી તથા કચેરીના મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

Office of the District Magistrate (જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર જિલ્લો) સત્યમેવ જયતે ગુજરાત રાજ્ય Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :-

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

...આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારું.

૨. કમિશ્નરશ્રી, જામનગર મહાનગર પાલિકા, જામનગર.
૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.
૪. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર.
૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (શહેર/ગ્રામ્ય)
૬. મામલતદારશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર.
૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

૮. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, સીટી એ ડીવી./ સીટી બી ડીવી./સીટી સી ડીવી./પંચ એ ડીવી./ પંચ બી ડીવી./બેડી મરીન/ મેઘપર (પડાણા)/સિક્કા/જામજોધપુર/ શેઠવડાળા/લાલપુર/કાલાવડ ટાઉન/ કાલાવડ (ગ્રામ્ય)/જોડીયા/ ધ્રોલ પોલીસ સ્ટેશન, જી.જામનગર
૯. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

...ઉકત જાહેરનામાંની ૨(બે) નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ગેઝેટની ૫(પાંચ) નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૦. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં

...ઉકત જાહેરનામાંના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું.

૧૧. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર

.... ઉકત જાહેરનામાંને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૧૨. સિલેકટ ફાઈલે

નકલ સવિનય રવાના :-

૧. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.
૨. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર.